ફિક્સીંગ, લે-વેંચ, ગુપ્ત મેચ શરૂ થઇ ગઇ છે,
ને સ્પર્ધકોમાં ટાંટિયાખેંચ શરૂ થઇ ગઇ છે,
લાગ્યો છે રેચ અસંતુષ્ઠોનોને ઘોંચમાં છે ગાડું
ચૂંટણીના કાવા-દાવાની પેચ શરૂ થઇ ગઇ છે
(મંત્રીમંડળમાં દોરડાં ખેંચ)

ગાજે છે ઘણું -
નગરની તાસીર -
વરસે નહીં
(મેઘરાજા પણ અનુસર્યા)

સસ્તાં અનાજે,
ગરીબોના કોળિયે -
બાંધે ભવન
(બ્લેક બિલ્ડર)

ચિંતન

ધર્મઃ પ્રાગેવ ચિંન્ત્યઃ સચિવ ગતિમતિ ભાવનીયે સદૈવ ફોયા લોકાનુવૃર્તિ વરચરન યનેર્મડલં વીક્ષણીયમ્ ।
પ્રચ્છાદ્યી રાગરોષૌ મૃદુપરૂષ ચુતો વર્જનીયો ચ કાલે સ્વાત્મા યત્નેન રક્ષ્યો રણશિરસિ પુનઃ સો અપિ નાપેક્ષણીયઃ ॥

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ : 'રાજનીતિ'નો આ શ્લોક છે.

રાજાએ (વડાપ્રધાન કે મુખ્યપ્રધાને) પોતાના રાજધર્મનો સૌથી પહેલાં તટસ્થતા પૂર્વક વિચાર કરવો જોઇએ. પોતાના બધા જ પ્રધાનોની ગતિવિધિ અને મતિનો પણ દરરોજ વિચાર કરવો જોઇએ. (કોણ કેવા આશયથી કેવા નિર્ણય લે છે તે અંગે) સામાન્ય જનસંપર્કથી લોકો પોતાના સ્વભાવ વર્તન વિશે શું વિચારે છે તે જાણતા રહેવું જોઇએ. પોતાના શ્રેષ્ઠ દૂતો મારફતે (કલેકટરો, સચિવો, ધારાસભ્યો) જેવા ખંડિયા રાજાઓનાં કરતૂતો પર સતત નજર રાખવી જોઇએ. પોતાનો પ્રેમ કે ગુસ્સો કોના પર કેટલો છે તે ગુપ્ત રાખવો જોઇએ.

સમય પ્રમાણે પોતાના સ્વભાવમાં કોમળતાં અને કઠોરતા દર્શાવવી જોઇએ. પોતાની જાતનું બધી રીતે રક્ષણ કરવું જોઇએ અર્થાત્ બોલવા-ચાલવા-નિવેદનો કે માન-અપમાનમાં સાવધ રહેવું જોઇએ.

અન્યથા પોતાના પ્રધાનો અને અધિકારીઓનાં કૌભાંડોને કારણે પણ વગોવણી થઇ શકે છે.

સુવિચાર

- તમારો પ્રત્યેક શબ્દ પ્રાર્થના બને અને તમારું પ્રત્યેક કર્મ 'યજ્ઞ' બને એવું જીવન જીવો - **મિખાઇલ નેમી**
- બીજાના પ્રત્યે ઉદાર અને પોતાના પ્રત્યે ઉદાસીન રહેવું એ જ સાચું જીવન છે - **અખંડાનંદ**
- જીવન વસ્ત્ર છે, ફાટી જાય તો સીવી લેવું, મેલું થાય તો ધોઇ લેવું પણ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ચલાવવું - **બાબ્રાક**
- આપણે એટલા બધા સુખી કે એટલા બધા દુઃખી પણ નથી હોતા જેટલા આપણે મનથી સમજતાં હોઇએ છીએ - **બારોસ હુક્સ**
- જે પોતાનું જીવન, સર્વસ્વ ઇશ્વરને ચરણે ધરી દે છે અને સેવાના ઉત્તમ કાર્યો કરે છે તેને ઇશ્વર પણ યોગ્ય બદલો આપે છે - **બાઇબલ**
- જીવન આરસી જેવું તેની સામે સ્મિત કરશો તો તે સ્મિત કરશે, તમે તેની સામે ઘૂરકશો તો તે પણ ઘૂરકશે - **એકવિન**

બોધ કથા

પરમહંસ રામકૃષ્ણદેવ દરિયાકિનારે શિષ્યવૃંદ સાથે વાર્તાલાપમાં બેઠા હતા. એક જમીનદાર ભક્ત પોતાનાં રોદળાં રડ્યા જ કરતા હતા. પત્નીનો સ્વભાવ, પુત્રોનાં ચારિત્ર્ય, નોકરોની ઉદ્ધતાઇ, સ્વાર્થી સગાં - કર્મચારીઓની કામચોરી બધું જ કહ્યું, અંતે પૂછ્યું સ્વામીજી! આનો કંઇ ઉકેલ તો બતાવો..

રામકૃષ્ણ એ કહ્યું હવે થોડીવાર તદ્દન શાંતિ રાખી બેસો અને ધ્યાનથી જુઓ પહેલાં બાળકો શું કરે છે? જમીનદાર કહે રેતીના ઘર બનાવી, એમાં પ્લાસ્ટીકની ગાડી વગેરે ગોઠવી આનંદ માણે છે..

સંત કહે, શાંતિથી જોયા કરો..

થોડી વારે બાળકોમાં કંઇક ઝગડો થયો. મારામારી થઇ એક બળૂકાએ એક નાના છોકરાનો ભૂંગો તોડી નાખ્યો. પેલો રડવા લાગ્યો.. બીજા ફરી રમવામાં ઓતપ્રોત થયા..

થોડીવારે, ભરતીનું એક મોટું મોજું આવ્યું, બધાં ભૂંગાને વેરવિખેર કરી, જમીન સપાટ કરી ગયું. છોકરાં દોડીને દૂર ભાગ્યાં. સંપીને ઘેર ગયાં.

રામકૃષ્ણએ પેલા જમીનદારને પૂછ્યું, તમને આમાંથી કંઇ જવાબ મળ્યો?

રેતીના ભૂંગા જેવા 'સંસાર' માટે આપણે ટંટાફિસાદ કરી કજીયા-કંકાસ કરીએ છીએ. અંતે તો બધું અહીં જ છોડી જવાનું છે. ત્યાગ-સમર્પણ-ક્ષમા સાથે શાંતિથી જ જીવવું જોઇએ.

સત્સંગ હોય કે કથા હોય કે શાસ્ત્રો હોય દરેકમાં મનુષ્ય ધર્મ બજાવવા માટે યાદ અપાવવું પડે છે, આખરે શા માટે?

ચિંતન
- લક્ષ્મી વાઘવાણી

પંખ હોતે તો ઉડ જાતા રે

પાનખર ઋતુની શરૂઆત થઇ ગઇ હતી એવામાં એક વૃક્ષ પર આગ લાગી હતી તેમ છતાં થોડાક પક્ષીઓ પર જ બેસી રહ્યાં. વૃક્ષ આ જોયું તો પક્ષીઓને કહ્યું "ભલા પક્ષીઓ, હુ ંતો મજબૂર છું કે આ જમીન સાથે જોડાયેલો છું અને હું તો હાલી કે ચાલી પણ શકતો નથી જ્યારે તમને તો ભગવાને પાંખો આપી છે તે તો સમયસર ઊડી જાઓ, નહિતર બળીને ખાક થઇ જશો! કાશ, મને પાંખો હોત તો હું તો ઉડી જાત અને બચી જાત."

આ જ સ્થિતિ આજે મનુષ્યની છે. મનુષ્યને આ પશુ-પક્ષીઓ રાત - દિવસ જે કલબલ કરે છે, કૂતરાં, મનુષ્ય આગળ ભસે છે. ગાયો માલિકને જોઇને ભાંભરે છે, સિંહ મનુષ્યને જોઇને ત્રાડ નાખે છે, આ બધા એમની ભાષામાં એમ કહેતાં નથી લાગતા, 'કે ભલા માણસ, અમે તો મજબૂર છીએ કે અમારી ભાષા કોઇ સમજી નથી શકતું, અમારા માટે કોઇ ગુરૂ - સદ્ગુરૂઓ નથી, અમારા માટે કોઇ મંદિર, મસ્જિદ, ગુરૂદ્વારા કે ચર્ચ નથી બન્યા અને માટે જ અમારે લાચારી ભરી જિંદગી જીવવી પડે છે, જ્યારે તમને ભગવાનને સત્સંગમાં કે મંદિર, મસ્જિદ, ગુરૂદ્વારા કે ચર્ચ જવા માટે સુંદર બે પગ આપ્યાં છે, સાંભળવા માટે કાન, પૂજા-અર્ચના કરવા માટે હાથ અને ગળુ (બોલવ - પ્રાર્થના કરવા માટે) ખાસ તો સમજવા માટે બુધ્ધિ આપી છે, અને તમને મહાન સદ્ગુરૂ તો આપ્યા છે તો તમે તો તમારી જિંદગી સુધારી દો. શા માટે દર વખતે તમને આવા ઉદાહરણો / વાકયો સાંભળવા પડે છે?'

- કૂતરાં જેવો હડકાયો - ડાધિયો છે. / કૂતરાની મોતે મરીશ.
- ગામે તેટલી મજૂરી કરીશ તો ય ગધેડાની જેમ જ રહીશ. (અક્કલ નહિ આવે)
- કાગડા જેવો કાળો અને કર્કશ છે.
- કાબરની જેમ કલબલ કરે છે.
- કબૂતર જેવો બીકણ છે.
- બળદ જેવો બુઠ્ઠો છે. (બુધ્ધિ વગરનો)
- શિયાળ જેવો લુચ્ચો છે.
- ઘેટા જેવો ગાડરીયા પ્રવાહનો છે.
- તારી આંખો જો બિલાડી જેવી છે વગેરે... વગેરે...!

જ્યારે ક્યારેક આની બદલીમાં આ પણ કહેવાય છે.

- તારા કરતાં તો કૂતરા પણ વફાદાર હોય છે.
- ગધેડા ગમે એટલી મજૂરી કરે પણ શેઠ ને દગો નથી કરતા.
- મૃતકોના તર્પણમાં કાગડાઓને જ વાસ આપવામાં આવે છે.
- કાબર જેવી મીઠી બટ્કબોલી છે. એટલે બધાને એની ગેરહાજરીની ખોટ સાલે છે.
- કબૂતર શાંતિનું પ્રતિક ગણાય છે. વગેરે - વગેરે...!

આ બધું જોતા એમ નથી લાગતું કે તમારૂં મનુષ્યોનું પોતાનું અસ્તિત્વ શું?

તમને શા માટે અમારી સાથે સરખાવવામાં આવે છે સારી કે નરસી બંને રીતે? અરે, હદ, તો ત્યારે થાય છે કે જ્યારે તેમને મનુષ્ય હોવા છતાં વારંવાર મનુ ર્ભુવઃ કહેવું પડે છે સત્સંગ હોય કે કથા હોય કે શાસ્ત્રો હોય દરેકમાં મનુષ્ય ધર્મ બજાવવા માટે યાદ અપાવવું પડે છે. આખરે શા માટે? અમને કોઇએ ક્યારેય નથી કહ્યું કૂતરા તું કૂતરો બન, બિલાડી તું બિલાડી બન. મારી ક્યારે કોટ-કચેરીઓ જોઇ છે? અમને ક્યારેય સરહદોનાં બંધન નડ્યા છે? અરે, અમને જો નડ્યા હો તો તમે માનવીઓ નડ્યા છો. અમારા માલિક બનીને બેઠા છો, અમને ઘરમાં પાળીને. તો ક્યાંક અમને સરકસના સિંહ બનાવીને, ક્યારેક પાંજરામાં પોપટ અને કબૂતર કે બુલબુલ બનાવી દીધા છે.

જરૂરથી આ સંવાદો પશુ-પક્ષી, કીટકો એમ જળચર પ્રાણીઓ બધા કરતાં જ હશે ને? હવે તો ખરેખર મનુષ્યોએ જ સમજવાનું રહ્યું કે આટલી અનમોલ યોનિ જે કારણસર મળી છે તે બાભતે વિચારીને તે પ્રમાણે જીવીને મોક્ષ પ્રાપ્તિ કરવી છે કે ફરી ફરી ચૌર્યાસી લાખ યોનિમાં ભટકવું છે? મને તો મારા સદ્ગુરૂ નિરંકારી બાબા મળ્યા છે જેઓએ મને પ્રભુ દર્શન કરાવ્યા છે અને જીવન-મરણના ચક્કરમાંથી છોડાવવા માટેનું બીજમંત્ર આપી દીધું છે, કાશ હું એ પ્રમાણે જીવી શકુ...!

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૭મી જુલાઇ

- **રેડિયમની શોધ લોક કલ્યાણ માટે સાર્વજનિક બનાવનાર મેડમ ક્યુરીની પુણ્યિતિથિ. સાહિત્યના ઊંડા અભ્યાસી ૧૯૧૧માં ગણિત માટેનું નોબેલ પારિતોષિક મેળવ્યું. ૭-૭-૧૯૩૪ માં નિધન.**
- **મહાત્મા ગાંધી**



બેરીસ્ટર બનીને ૧૮૯૧ માં મુંબઇ આવી પહોંચ્યા

- **૧૯૨૫માં ભારતમાં સામ્યવાદી પક્ષની સ્થાપના થઇ.**

લખ ચોરાશીના ફેરા...

લઘુકથા
- અનંત ન. વ્યાસ

સચિવાલયનાં પગથિયાં, ચઢતા ચઢતા નરેન્દ્ર સહજ અટક્યો. પોતાના ગામના એક નાનકડા કામ માટેની મંજૂરી લેવા માટે ઘક્કા ખાઇ - ખાઇને તે કંટાળી ગયો હતો. દરેક વખતે કંઇને કંઇ વાંધો નીકળતો. એટલે આ વખતે તો ટોચના અધિકારીને મળવું તેવો તેણે નિર્ણય કર્યો હતો. પોતાના વિસ્તારના ધારાસભ્યની ભલામણ ચિઠ્ઠી પણ સાથે લીધેલી. આમ, છતાં તે મનમાં સાશંક હતો. જોઇએ... આ સાહેબ વળી કેવા નીવડે છે. 'તે બબડ્યો ને ઓફિસમાં દાખલ થયો... સાહેબે ફાઇલમાંથી ઊંચું જોયું.' 'યસ... આવો... ભાઇ... બોલો કેમ આવવું થયું? સાહેબે મીઠાશથી પૂછ્યું.'

નરેન્દ્રને નવાઇ લાગી. થોડા રોષમાં પણ લાગણી ભર્યા અવાજે તેણે પોતાની વાત રજૂ કરી. એ સાંભળીને તો સાહેબના ચહેરા પર સહાનુભૂતિના ભાવ પ્રસર્યા.

'ઓહ... આવા નાના કામ માટે તમારે આટલા ઘક્કા થયા? સોરી... જેન્ટલમેન, પણ ભલા માણસ... તમે ડાયરેકટ... મારા પાસે કેમ ન આવ્યાં?'

નરેન્દ્રને લાગ્યું... ના... ના... આ સાહેબમાં હજી માણસાઇ તો બચી લાગે છે. તેણે ભલામણ પત્ર રજૂ કર્યો. ચિઠ્ઠી પર નજર ફેંરવી. કાળજીપૂર્વક પેપર - વેઇટ નીચે દબાવી સાહેબ કહે. 'યસ યંગમેન... આમાં ભલામણની જરૂર જ નથી. આ તો અમારું જ કામ ગણાય. તમે એક અરજી મને આપો... ને પછી મળો...'

પોતે અગાઉ અનેક વખત અરજીઓ આપી ચૂક્યો છે તેમાં ઉલ્લેખ કર્યા વિના તેણે અરજી ટેબલ પર મુકી. ધ્યાનપૂર્વક અરજી વાંચ્યા પછી સાહેબ કહે, 'હં, અરજી તો બરાબર છે. પણ આ વિભાગ મિસ્ટર મહેતા જ સંભાળે છે. તમે જરા મિસ્ટર મહેતાની સહી લઇ આવ્યો... પછી કોઇ તકલીફ નહીં.' મિસ્ટર મહેતા? નરેન્દ્રથી પુછાઇ ગયું. 'મને તો ફક્ત આપને જ મળવાનું કહ્યું છે.'

'બરાબર છે... પણ ફોર્માલિટી તો જાળવવી જોઇએ ને, તમો રૂબરૂ જશો તો તુરત કામ થઇ જશે. ને આવું કહેજો - પંડ્યા સાહેબે ખાસ મોકલેલ છે?'

હું... બ્લોક નં. ૧૦, ચોથા માળ પર... પણ તમે ગભરાવ નહીં... લ્યો હું રિંગ કરી દઉં છું. સાહેબે ફોન ઉપાડ્યો. 'હલ્લો... મિસ્ટર મહેતા... પ્લીઝ હું કન્ટીન્યુ... કહી નરેન્દ્રને કહે... તમે પહોંચો... મહેતા ઓફિસમાં જ છે. હું ભલામણ કરું છું.'

ખુશ થતો નરેન્દ્ર બહાર નીકળ્યો. સાહેબે ફોનમાં વાત ચલાવી - 'હું મહેતા... એક કોરા - ભલામણિયા બબુચકને ત્યાં મોકલું છું... હા... હા... સરકારી કામ કેમ થાય તેનું જ્ઞાન આપવાનું... આપણું કાર્ય... સચિવાલયના લખ-ચોરાશી પગથિયાં ગણશે એટલે આપોઆપ જ્ઞાન થશે... મોક્ષ મેળવશે... આપણે તો જરા લખ-ચોરાશીના ફેરામાં ભટકાવવાના... પણ જોજો... વિનય-સપ્તાહ ચાલે છે... તે આનંદથી ફેરા ફરે... ને મોજ કરે તેવું કરશો...' સાહેબે ખંધાઇથી હસી ફોન મુકી દીધો.

વાચક અને ભાવક જ્યાં સુધી નહીં વાંચે, ત્યાં સુધી સમાજની વિષમતા અને દુઃખ-દર્દ, આશા-આકાંક્ષાઓનો ખ્યાલ આવી શકશે નહીં

સર્જક સેતુ

- રૂબરૂ મુલાકાત
સાહિત્ય સર્જક : બી. કેશરશિવમ્ :
મુલાકાતી : મૂળજીભાઇ પરમાર 'દધિ'
તા. ૧૧/૦૬/૨૦૧૨

મૂળજીભાઇ : નમસ્કાર, મુરબ્બી શ્રી બી. કેશરશિવમૂજી.

બી. કેશરશિવમ્ : નમસ્કાર, મૂળજીભાઇ.

મૂળજીભાઇ : આપણે મુલાકાતનાં મંગલાચરણ કરીએ તે પહેલાં સૌ પ્રથમ તો આપશ્રીને ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ દ્વારા શ્રી ઇબ્રાહીમ મહંમદ સરવૈયા એવોર્ડથી તાજેતરમાં નવાજવામાં આવ્યા તે બદલ, અંતરથી ઊર્મિભર્યા અભિનંદનસહ, દધિ છલકતી શુભકામનાઓ.

બી. કેશરશિવમ્ : આભાર, મૂળજીભાઇ.

મૂળજીભાઇ : મુરબ્બીશ્રીઓ, આપે સાહિત્ય સર્જન કયારથી શરૂ કર્યૂ અને આપની પ્રથમ કૃતિ કઇ?

બી. કેશરશિવમ્ : હું ભણતો હતો ત્યારથી, લગભગ ૧૯૫૬ થી સાહિત્ય સર્જનની શરૂઆત કરી.

મારી પ્રથમ કૃતિ 'રાતી રાયણની રતાશ.'

વાર્તા, સને ૧૯૫૯ ની સાલમાં 'ચાંદની' માસિકમાં છપાઇ. જે નામથી મારો બીજો વાર્તાસંગ્રહ સને ૨૦૦૧ માં બહાર પડ્યો.

મૂળજીભાઇ : સાહિત્યમાં પ્રતિબધ્ધતા બાબતે આપશ્રીનો અંગત અભિપ્રાય શું છે?

બી. કેશરશિવમ્ : હું માત્ર ને માત્ર દલિત સાહિત્ય લખું છું, જે દલિત સાહિત્યનો ઉદ્ભવ થયો તે પહેલાંથી લખું છું અને તે ૧૯૬૦માં - ચાંદનીમાં 'નાહી જયાં'; ૧૯૬૩ ના મે અને ઓગસ્ટમાં 'આતિથ્ય' અને સેઝેટા 'સવિતા' માં પ્રગટ થયેલ, તે પરથી જોઇ શકાશે. હું દલિત સાહિત્યકાર હોઇ નિજાનંદ માટે લખતો નથી, પરંતુ સમાજની પીડાને ઉજાગર કરીને સમાજ સામે લાવવા એટલે કે 'સર્જક ધર્મ' બજાવવા લખું છું. અંતે સમાજને સાહિત્ય સાથે સાંકલીને પ્રતિબધ્ધતા દાખવું છું.

મૂળજીભાઇ : આપશ્રીએ અત્યાર સુધીમાં કયાં કયાં સાહિત્યપ્રકારોમાં ખેડાણ - સર્જન કર્યું છે?

બી. કેશરશિવમ્ : (૧) નવલકથા (૨) નવલિકા (૩) વાર્તાઓ (૪) નિબંધ અને પ્રકીર્ણ લેખો તથા (૫) આત્મકથામાં ખેડાણ કરીને સર્જન કરવા પ્રયત્નો કર્યા છે.

મૂળજીભાઇ : હાલમાં આપને જે એવોર્ડથી નવાજવામાં આવ્યા છે, તે કોઇ એક પુસ્તક માટે છે કે, સમગ્ર સાહિત્યમાં કરેલ સર્જન માટે મળેલ છે?

બી. કેશરશિવમ્ : મને હાલમાં ગુજરાતી દલિત સાહિત્ય અકદામી દ્વારા જે 'શ્રી ઇબ્રાહીમ મહંમદ સરવૈયા એવોર્ડ' મળેલ છે, તે કોઇ એક પુસ્તક માટે નહીં, પરંતુ શ્રેષ્ઠ દલિત સાહિત્ય સર્જક તરીકેનો એવોર્ડ છે, જે સમગ્ર દલિત સાહિત્યમાં કરેલ શ્રેષ્ઠ સર્જન માટે મળેલ છે.

મૂળજીભાઇ : આપના દલિત સાહિત્યના શ્રેષ્ઠ સર્જન માટે એવોર્ડ મળેલ છે, તો આપના મતે તેમાં શ્રેષ્ઠ કૃતિઓ કઇ ગણી શકાય?

બી. કેશરશિવમ્ : શ્રેષ્ઠ કૃતિ કરીકે મારી આત્મકથા - 'પૂર્ણ સત્ય' ગણી શકાય. જેનો અંગ્રેજીમાં પણ અનુવાદ 'ગીતા ચૌધરીએ' **"The Whole Truth and nothing but truth"** નામની સને ૨૦૦૮ કલકત્તાથી પ્રસિધ્ધ થયેલ છે, જેનું પુર્નમુદ્રણ સને ૨૦૧૧માં થયું છે. કેનેડાથી ટોરેન્ટોની 'યોર્ક યુનિવર્સિટી' છેલ્લા બે વર્ષથી અભ્યાસક્રમમાં તેનો સમાવેશ થયેલ છે. તે પૈકીનાં બે ચેપ્ટર જર્મનીના સાહિત્યમાં પણ લેવામાં આવ્યાં છે. તથા તેને ગુજરાત સરકારનો 'સંત દાસી જીવણ એવોર્ડ' સને ૨૦૦૩માં મળેલ છે. આ આત્મકથા પર રાજસ્થાનના જોધપુરની 'જયનારાયણ વ્યાસ' યુનિ.ના એક વિદ્યાર્થીએ પીએચ.ડી. કરેલ છે, સૌરાષ્ટ્ર યુનિ.માં એક બાળાએ એમ.ફીલ. કર્યું છે. અને બીજા બે વિદ્યાર્થી પીએચ.ડી. કરી રહેલ છે.

મૂળજીભાઇ : આપને અગાઉ બીજાં કયાં પારિતોષિક કે એવોર્ડઝ મળેલ છે અને તે કયા સર્જન માટે મળેલ છે?

બી. કેશરશિવમ્ :

(૧) ૧૯૫૮ માં 'રાતી રાંયણની રતાશ' વાર્તાને પ્રથમ ઇનામ.
(૨) ૧૯૬૭ માં 'સ્ત્રી-સંદેશ' વાર્તા સ્પર્ધામાં 'દુર્ગા' વાર્તાને ઇનામ.
(૩) ૧૯૯૫ માં 'ગુજરા સમાચાર વાર્તા સ્પર્ધામાં' 'રાંમલી' વાર્તાને ઇનામ.
(૪) ૧૯૯૯માં 'સંદેશ' ની નવલકથા સ્પર્ધાનું બીજું ઇનામ 'મૂળ અને ધૂળ' ને.
(૫) ૨૦૦૧ માં 'જન્મ દિવસ' વાર્તા સંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમીનું બીજું ઇનામ.
(૬) ૨૦૦૨માં દલિત સાહિત્ય અકાદમીનો 'સંતોકબા સુવર્ણ ચંદ્રક.'
(૭) ૨૦૦૩ નો 'સંતશ્રી દાસી જીવણ એવોર્ડ' શ્રેષ્ઠ કૃતિ કરીકે આત્મકથા 'પૂર્ણ સત્ય' ને.
(૮) ૨૦૧૦ નો સંત કબીર એવોર્ડ.
(૯) ૨૦૧૦ નો દલિત સાહિત્ય અકાદમીનો એવોર્ડ શ્રેષ્ઠ વાર્તાસંગ્રહ 'રાતી રાંયણની રતાશ' ને.
(૧૦) ૨૦૧૨ નો દલિત સાહિત્ય અકાદમીનો શ્રેષ્ઠ દલિત સર્જક એવોર્ડ 'શ્રી ઇબ્રાહીમ મહંમદ સરવૈયા' એવોર્ડ.

મૂળજીભાઇ : એવોર્ડ કે પારિતોષિકથી સાહિત્ય સર્જનમાં કોઇ ફરક પડે કે કેમ? આ બાબતે આપશ્રીનું મંતવ્ય શું છે?

બી. કેશરશિવમ્ : સાહિત્યમાં 'સાહિત્ય' લખાયા પછી જ પારિતોષિક કે એવોર્ડ મળતાં હોય છે અને મારા મંતવ્ય મુજબ, કોઇ પણ સાહિત્યકાર એવોર્ડ કે પારિતોષિકની આશાએ સાહિત્યમાં ખેડાણ કરતો નથી, પરંતુ સાહિત્ય કે સમાજ સાથેની પ્રતિબધ્ધતાને કારણએ લખતો હોય છે, આમ સર્જન એ સર્જકની અંગત જરૂરીયાત હોઇ, તેને ઇનામ કે પારિતોષિક કે એવોર્ડ મળે કે ન મળે, તેની તમા કે ખેવના હોતી નથી. હાં, ખણીવખત એવોર્ડ મળ્યા પછી, વધુ કંઇક ઉત્તમ લખવાની હોંશ થાય પણ ખરી!

મૂળજીભાઇ : આપના પ્રિય સર્જકો કયાં છે? તેમની કઇ કૃતિઓ આપને આકર્ષે છે?

બી. કેશરશિવમ્ :

(૧) શ્રી જોસેફ મેકવાન - કૃતિ 'વ્યથાનાં વિતક' રેખાચિત્રો.
(૨) શ્રી. ડૉ. મોહન પરમાર - કૃતિ 'પ્રિયતમા' નવલકથા.
(૩) શ્રી હરીશ મંગલમ્ - કૃતિ 'અગન ઝાળ' નવલકથા.
(૪) શ્રી દલપત ચૌહાણ - કૃતિ 'ગીધ' નવલકથા.

મૂળજીભાઇ : આપના સાહિત્ય સર્જનનું પરિબળ અને પ્રેરક બળ કયું છે? આપના પ્રેરણામૂર્તિ કોણ છે?

બી. કેશરશિવમ્ : 'પન્નાલાલ પટેલ' નું સાહિત્ય વાંચતા, ગામઠી ભાષાનું તાદેશ સ્મરણ થતું અને તે ઉપરથી મેં ગામઠી ભાષામાં લખવાની શરૂઆત કરી.

મારા પ્રેરણા મૂર્તિ 'મહામાનવ' - ભારતરત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર છે.

મૂળજીભાઇ : 'આનંદેન સંયુભ્યતે ઇતિ સાહિત્યમ્' આ બાબતે આપશ્રીનો અંગત અભિપ્રાય શું છે?

બી. કેશરશિવમ્ : કોઇ પણ કલાની અંતિમ સિધ્ધિ આનંદમાં પરિણમે છે, એવું કહેવાય છે પરંતુ ઘણી વખત વ્યવહારમાં જે ન મગતું હોય, દુઃખદાયક હોય એ જયારે કલાના માધ્યમથી આવે ત્યારે, સામાન્ય રીતે તે આનંદપ્રદ અને સુખદાયક બને છે, જયારે સાહિત્યની શરૂઆત અને અંત દુઃખદ હોય ત્યારે, તેમાંથી નીપજતું તત્ત્વ બાળકને કલાઆનંદ આપવાને બદલે દુઃખી કરી મુકે છે. ઘણી વખત હાસ્ય પણ રૂદનના રસાયણે રસોઇને આવે છે. આમ ઘણી વખત હાસ્યના એક બૂંદ નીચે ઘૂઘવતો દુઃખનો દરિયો દેખાય છએ. કલા તથા સમાધિનું અંતિમ ધ્યેય આનંદ ગણાતું હોય તોપણ, એ આનંદ દલિત વાર્તા કે નવલકથામાં દૃષ્ટિગોચર થાય પણ ખરો અને ન પણ થાય! આમ દરવખતે માત્ર આનંદની અપેક્ષા ન રાખી શકાય!

મૂળજીભાઇ : 'બી. કેવરશિવમ્' ઉપનામનો અર્થ અને આપશ્રીનું ખરૂં નામ જણાવશો.

મારૂં નામ : ભીખાભાઇ શિવાભાઇ જાદવ છે. ઉપનામમાં બી એટલે બાબા ભીમરાવ, કેશર - મારાં માતુશ્રીનું નામ અને શિવમ્ - એટલે મારા પિતાશ્રી શિવાભાઇના નામનો સમાવેશ કરેલ છે.

મૂળજીભાઇ : સાંપ્રત સમાજમાં વિકૃતિઓના વધેલ વ્યાપ તથા માનવ મૂલ્યોના થઇ રહેલ ધોવાણ અને હનન તરફ સાહિત્ય સર્જકોની જવાબદારી અને કર્તવ્ય અંગે આપશ્રીનું મંતવ્ય જણાવશો?

બી. કેશરશિવમ્ : મૂલ્યનિષ્ઠ સાહિત્ય રચાવું જોઇએ જે સમતા, સમાનતા અને બંધુતા માટે હોય. માનવ મૂલ્યોનું જતન થાય અને વિકૃતિઓ - બદીઓ અટકે તેવું માનવ મૂલ્ય આંકતું સાહિત્ય રચાવું જોઇએ તથા દલિત સાહિત્યની વિભાવના - કુરૂઢિઓ, કુરિવાજો, અંધશ્રધ્ધા, જયોતિષ વગેરેની સામે તાર્કિક દૃષ્ટિ અને સુવિચાર કરવા પ્રેરે તેવું સમાજલક્ષી સાહિત્ય રચાવું જોઇએ.

મૂળજીભાઇ : સાહિત્ય સર્જક અને પુસ્તકો / લાઇબ્રેરીની સંગત વિષે આપશ્રીનું મંતવ્ય શું છે?

બી. કેશરશિવમ્ : સાહિત્ય સર્જક અને પુસ્તકો / લાઇબ્રેરીનો નાતો ખૂબ જ ઘનિષ્ટ છે. સાહિત્ય સર્જક પુસ્તકોનું સાંનિધ્ય કેળવે તો જ દેશના - વિદેશના સાહિત્યના પ્રવાહોની જાણકારી મેળવી શકે. અને એ શકય નથી કે સાહિત્યકાર બધાં જ પુસ્તકો વસાવી શકે, આથી અલભ્ય અને દુર્લભ પુસ્તકોનું વાંચન લાઇબ્રેરી દ્વારા જ શકય બને આમ સારા સાહિત્યકાર માટે બંનેનો નાતો અતૂટ છે.

મૂળજીભાઇ : આપશ્રીની અંગત લાઇબ્રેરીમાં કેટલાં અને મુખ્યત્વે કયા કયાં પ્રકારનાં પુસ્તકો છે?

બી. કેશરશિવમ્ : આશરે આઠ હજાર પુસ્તકો છે, જેમાં મુખ્યત્વે વાર્તા, નવલકથા, આત્મકથા, ધાર્મિક પુસ્તકો, ડૉ. બાબા સાહેબનાં પુસ્તકો, બહુજન સમાજ સાહિત્યનાં પુસ્તકોનો સમાવેશ થાય છે.

મૂળજીભાઇ : આપે લલિત સાહિત્યમાં ખેડાણ કર્યું છે? કે ફક્ત દલિત સાહિત્યમાં જ ખેડાણ કર્યું છે?

બી. કેશરશિવમ્ : ના, જી. મેં ફક્ત દલિત સાહિત્યમાં જ ખેડાણ કર્યું છે, કારણ કે, દલિતોની કથા, વ્યથા અને દુઃખોને મેં ખુદ ભોગવ્યાં છે અને જાતે નજરોનજર તાદેશ નિહાળ્યાંછે. આમ મારા દલિત-વંચિત બંધુઓની વ્યથાઓને વાગોળી, દલિત સાહિત્યનું સર્જન કરૂં છું ને દુઃખ ઠાલવું છું.

મૂળજીભાઇ : આપશ્રી વાંચકોને - ભાવકોને કોઇ સંદેશ આપવા માંગો છો?

બી. કેશરશિવમ્ : વાચક અને ભાવક જયાં સુધી નહીં વાંચે, ત્યાં સુધી સમાજની વિષમતા અને દુઃખ-દર્દ, આશા-આકાંક્ષાઓનો ખ્યાલ આવી શકશે નહીં, પહેલાં રાજા-મહારાજાઓનું સાહિત્ય રચાતું હતું, હવે સામાન્યજનનું પણ ઉચ્ચ વિચારોમાં લખી શકાય છે. પરંતુ જો વાચકો-ભાવકો વાંચશે નહીં તો, તે ફક્ત પુસ્તકોમાં જ રહેશે.

મૂળજીભાઇ : આપની સવિશેષ અભિરૂચિ કયા સર્જનમાં છે?

બી. કેશરશિવમ્ : વાર્તાલેખનમાં - મારા નવ વાર્તાસંગ્રહ પ્રગટ થયાં છે. મારા લેખા અને પ્રવચનોનો સંગ્રહ 'ચાલો આંખો ઉઘાડીએ' પ્રગટ થઇ રહ્યો છે.

મૂળજીભાઇ : આપશ્રી લિખિત કેટલાં પુસતકો પ્રકાશિત થયાં છે? તે કયાં કયાં છે?

આશરે ૧૯ પુસ્તકો...

નવલકથા -

(૧) શૂળ - ૧૯૮૫ (૨) મૂળ અને ધૂળ - ૧૯૯૯ (૩) પત્ની - ૨૦૦૪

આત્મકથા -

(૧) પૂર્ણ સત્ય (ભાગ ૧ અને ૨)
(૨) પૂર્ણ સત્યનો અંગ્રેજી અનુવાદ 'ધ હોલ ટુથ ઍન્ડ નથીંગ બટ ધ ટ્રુથ'

અનુવાદક : ગીતા ચૌધરી, પુનર્મુદ્રણ - (૨૦૧૧)

વાર્તાસંગ્રહ -

(૧) જન્મદિવસ - ૨૦૦૦ (બીજી આવૃત્તિ ૨૦૦૩)
(૨) રાતી રાંયણની રતાશ - (૨૦૦૧)
(૩) ડૉ. સીમા - (૨૦૦૩), (૨૦૦૭)
(૪) બી.કેશરશિવમની ચેતનાની નવલકિતાઓ - (૨૦૦૩)
(૫) લક્ષ્મી - (૨૦૦૪)
(૬) બી.કેશરશિવમુની દલિત ચેતનાની વાર્તાઓ - (૨૦૦૪)
(૭) બી.કેશરશિવમુની શ્રેષ્ઠ વાર્તાઓ - (૨૦૦૪)
(૮) અધૂરૂં ત્રાગું - (૨૦૦૪)
(૯) મધપૂડો - (૨૦૦૫)
(૧૦) શહીદ! - (૨૦૦૬)
(૧૧) માણકી - (૨૦૦૭)
(૧૨) વિમળા - (૨૦૦૮)

મારા લેખો અને પ્રવ